## માનનીય મેઘજીભાઈ ચાવડાની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં મને સન 2024-25ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચામાં બોલવાની તક મળી છે ત્યારે હું ગૃહ સામે કેટલીક વાતો મૂકવા માંગુ છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કોઈપણ દેશના વિકાસની ઈમારતનો પાયો એની માળખાગત સુવિધાઓ કેવી છે, એના પર આધાર રાખે છે. રસ્તાઓ અને પરિવહનની ક્ષમતા અને એના વિકાસ પર દેશની ઈકોનોમી ટકેલી હોય છે. માર્ગ પરિવહન બે પ્રકારનું હોય છે. એક એ કે જે સામાનનું પરિવહન કરતું હોય છે અને બીજું કે જે મુસાફરોની હેરફેર કરતું હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

એક સમય હતો, જયારે પરિવહનના સંસાધનો અને રસ્તાઓનું પ્રમાણ સીમિત માત્રામાં હતું. પરિણામે વ્યકિતને એક જગાએથી બીજી જગાએ જવામાં ઘણો સમય લાગી જતો હતો, પણ આજે વાહનવ્યવહાર એટલે કે પરિવહનની સુવિધા ખૂબ જ સુલભ હોવાથી આપણને એક જગાએથી બીજી જગાએ જવામાં ખૂબ જ આસાની રહે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાહનવ્યવહાર વિભાગની કામગીરી વિશે મારે જ્યારે વાત કરવાની છે ત્યારે, મારે વિશેષરૂપે આજે આર. ટી. ઓ. કચેરીઓને લગતી બાબતો પર પ્રકાશ પાડવો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાહનવ્યવહારની મોટરવાહન ખાતાની તાબાની કચેરીઓમાં પોતાના કામ અર્થે અનેક લોકો રોજબરોજ આવતા હોય છે. આવી કચેરીઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને આધુનિક કરવા તથા પ્રજાકીય સુવિધાઓમાં વધારો કરવા હેતુ, કચેરીઓનું મોર્ડનાઈઝેશન કરવું ખૂબ જ જરૂરી છે. અને એટલે સરકારના આ વિભાગ દ્વારા તાબાની 25 જેટલી આરટીઓ કચેરીઓ અને એઆરટીઓ કચેરીનું આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. જે માટે સરકાર દ્વારા 1211 લાખ રૂપિયા કરતા વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ 2010થી વર્ષ 2015ના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન અમદાવાદ વસ્ત્રાલ ખાતે, ભૂજ, સુરત,વડોદરા, નડિયાદ, અમરેલી, પાલનપુર, ભરૂચ, ગાંધીનગર, પાટણ, પોરબંદર, વ્યારા અને ગાંધીધામ આઈ. એમ. વી. કચેરીના આધુનિકરણ અને બાંધકામ માટે સરકાર દ્વારા કુલ 5488.88 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ 2016 થી 2021 દરમ્યાન કુલ રૂપિયા 7578.31 લાખના ખર્ચે રાજપીપળા, બોટાદ, મોડાસા, ગીરસોમનાથ છોટા ઉદેપુર, દ્વારકા, આણંદ, મહીસાગર, જામનગર, જૂનાગઢ અને બાવળા જેવા 11 સ્થળોએ કચેરીઓના નિર્માણકાર્યને સંપન્ન કરવામાં આવેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી**

વર્ષ 2022-23 માં મોરબી અને અંજાર ખાતે રૂપિયા 1990 લાખના ખર્ચે કચેરી નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવેલ છે. સુભાષબ્રિજ, રાજકોટ, ભાવનગર, ગોધરા, બારડોલી, આહવા અને સુરેન્દ્રનગર જેવા 7 સ્થળોએ કચેરી નિર્માણકાર્ય પ્રગતિમાં છે. જેમાં કુલ 1761.81 લાખનો ખર્ચ કરવામાં આવનાર છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

વાહન રજીસ્ટ્રેશન પ્રક્રિયામાં ડીઝીટાઈઝેશન થકી આમૂલ પરિવર્તન લાવવાની સરકારની નેમ છે. એટલે અરજદારોને કચેરી સુધી ધક્કા ખાવા પડતા હતા. પરંતુ હવેથી તા.14 સપ્ટેમ્બર 2023થી સમગ્ર રાજ્યમાં નવા વાહનોની નોંધણી ડીલર કક્ષાએથી જ કરી શકાય એવી વ્યવસ્થા કરવામાં

આવી છે. જેથી સંલગ્ન ડીલર કચેરીએથી જ વાહનની HSRP નંબર પ્લેટ સાથે ડિલિવરી આપી દેવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

અગાઉ ફેન્સી નંબરની ફાળવણી મેન્યુલી કરવામાં આવતી હતી. પરંતુ એમાં બદલાવ કરીને રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા હવેથી ઈ - ઓક્શનથી આવા ફેન્સી નંબર ફાળવવામાં આવે છે. આ સેવાનો લાભ લોકો ઘેર બેઠાં જ આ સેવાનો લાભ લઈ શકે છે અને સરકારને આવક પણ થાય છે. અત્યાર સુધીમાં આ યોજના હેઠળ કુલ 15.83 લાખ લોકોએ ફેન્સી નંબર મેળવ્યા છે. જેમાંથી સરકારને 566.89 કરોડ જેવી રકમની આવક થઈ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

કચ્છ પૂર્વની પ્રજાને આર. ટી. ઓ. ના કામો માટે ભૂજ સુધી જવું ન પડે એ માટે સરકારે અંજારને નવી રજિસ્ટરિંગ ઓથોરિટીની મંજૂરી આપી છે. તાજેતરમાં જ ભાવનગર ખાતે આર. ટી. ઓ. કચેરીના નવા ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આટલી વાત અને મારો પક્ષ સદન સામે મૂકીને હું વાહન વ્યવહારની માંગણી નંબર 74 અને વર્ષ 2024-2 5ના વર્ષના અનુદાનોને મારું પૂર્ણ સમર્થન જાહેર કરું છું.